## હે ઓધાજી રે

(ફિલ્મ: રા'નવધણ)

હે ઓધાજી રે...રે મારા વાલાને વઢીને કે'જો રે...
માને તો મનાવી લેજો રે...મારા વાલાને વઢીને...
મથુરાના રાજા થ્યા છો ગોવાળોને ભૂલી ગ્યા છો. ઓ...
માનીનિને મેલી ગ્યા છો રે...મારા વાલાને વઢીને...
એક વાર ગોકુળ આવો માતાજીને મોઢે થાઓ.
ગાયોને હંભાડી જાઓ રે...મારા વાલાને વઢીને...
સરખી સહેલી સાથે કાગળ લખ્યો મારા હાથે...ઓ...
વાંચ્યો નથી દિનાનાથે રે...મારા વાલાને...માને તો...

------